# રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૩૮/૨૦૨૨.

---

## ::– ધી સિવિલ પ્રોસીજર કોડ–૧૯૦૮ નાં ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ તથા કલમ–૧૫૧ મુજબ વચગાળાનો મનાઈ હુકમ મળવા અંગેની વાદીની આંક–૫ ની અરજી લગત હુકમ –::

---

૧. વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ ડેકલેરેશન અને મનાઈ હુકમ મળવા તથા દબાણ દૂર કરવા માટે હાલનો દાવો કરેલ છે, જેની સાથે સિવિલ પ્રોસીજર કોડ, ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ અન્વયે આંક–૫ ની વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની હાલની અરજીનાં પેરેગ્રાફ નં.(૫) માં લખ્યા મુજબની દાદ પ્રતિવાદીની વિરુધ્ધમાં માંગેલ છે.

૨. વાદીએ સદરહુ દાવો તથા મનાઈ અરજી દાખલ કરતાં પ્રતિવાદી વિરુધ્ધ દાવાનો સમન્સ તથા મનાઈ અરજીની નોટિસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ, જે અન્વયે પ્રતિવાદીને સમન્સ તેમજ નોટિસોની ધારા

ધોરણસરની બજવણી થયેલ, જે અન્વયે પ્રતિવાદી તથા તેમના વિદ્વાન વકીલ શ્રી હાજર થયેલા અને તેમનો આંક–૧૧ થી લેખિતમાં જવાબ રજૂ રાખેલ છે, જેમા વાદીનાં દાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમાં ખરી હકીકતોએ મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામનાં વાદીઓનાં ભત્રીજા નિતીન વિનોદરાય સામાણી પ્રતિવાદીનાં મિત્ર હોય અને પ્રતિવાદીને રૂપિયાની જરૂરિયાત હોય, વાદીઓ વ્યાજે પૈસા આપતા હોય અને વાદીઓને પૈસા અપાવવા માટે વાદીઓને મેળવી અને તેના ભત્રીજાએ જણાવેલ કે, રૂા.૨,૦૦,૦૦૦/– પૂરાની મારે લગ્ન માટે જરૂરિયાત છે. આપણે બંને છ માસ માટે વ્યાજે રૂપિયા વાદીઓ પાસેથી લઈ, હું જામીન પડતો હોય, આથી તેના વિશ્વાસમાં આવી વાદીઓ પાસેથી રૂા.૧,૫૦,૦૦૦/– પૂરાનો ચેક મેળવેલ હોય, તેમાંથી રૂા.૫૦,૦૦૦/– પૂરા વાદીઓના ભત્રીજા લઈ ગયેલ હોય અને બાકીનાંરૂા.૧,૫૦,૦૦૦/– પૂરા તેમના ભત્રીજા વાદીઓ પાસેથી લઈ ગયેલ હોય, તે તમામ હકીકતથી વાદીઓ વાકેફ હોવા છતાં, દાવાવાળી જગ્યાની કિંમત રૂા.૩૫,૦૦,૦૦૦/– પૂરાથી વધારે હોય, સીકયોરીટી રૂપે પ્રતિવાદી પાસેથી સોદા

ચીઠ્ઠી કરાવ્યા બાદ નિતીન પાસે અવાર નવાર રૂપિયા માંગી અને તે રૂપિયા વાદીઓને પરત આપી અને સોદા ચીઠ્ઠી રદ્દ કરવા જણાવેલ હોય, પરંતુ નીતિને ટાઈમ પસાર કરી અને વાદીઓ પાસેથી મિલાપીપણામાં પ્રતિવાદી ફરિયાદ કરવા જતાં સમાધાન કરી અને ત્યાર બાદ થોડા સમય બાદ નોટિસ વ્યવહાર કરી અને ત્યાર બાદ ફરી સમાધાન કરી છ માસ બાદ તદ્દન ખોટો દાવો દાખલ કરી અને સત્ય હકીકતો છૂપાવી, ખોટા સોગંદનામાં ઓ કરી, પ્રતિવાદીની મિલ્કત પચાવવા વાદીઓ તેમજ તેમના ભત્રીજા મેદાને પડેલ હોય, તેઓ સામે ફોજદારી કાર્યવાહી કરવાનો હકક અબાધિત રાખી, જરૂર પડયે વાદીઓનાં ભત્રીજા સાથેવાદગ્રસ્ત વ્યવહાર સબંધે પ્રતિવાદીની પાસે ટેલીફોનિક પુરાવો તેમજ સાક્ષીઓ હોય, તે તમામ હકીકતથી વાદીઓ વાકેફ હોવા છતાં, તેમના વકીલશ્રીને સાચી માહિતી આપ્યા વગર હાલની તદ્દન ખોટો દાવો તથા મનાઈ હુકમની અરજી દાખલ કરેલ હોય અને તેમા ખોટી કિંમત દર્શાવી ખોટી સ્ટેમ્પ ડયુટી ભરી અને ખોટી સ્ટોરી ઉભી કરી નામદાર કોર્ટનાં પ્રોસઈસનો દુરઉપયોગ કરી પ્રતિવાદીની મિલ્કત પચાવી પાડવા વાદીઓ મેદાને પડેલ હોય, આવા સંજોગોમાં વાદીઓનો

દાવો ખર્ચ સહિત રદ્દ કરી પ્રતિવાદીને ખચસ ખર્ચ અપાવવા અરજ ગુજારેલી છે.

૩. ત્યાર બાદ સદર કામે વાદીનાં વિદ્વાન વકીલશ્રી હાજર રહેલ હોય, તેમણે તેમની હાલની આંક–૫ ની અરજી મુજબની દલીલો કરેલી છે, જે સાંભળી. સદર હકીકતો રેકર્ડ ઉપર હોય, એકની એક હકીકતોનું પુન:રાવર્તન ન થાય, તે હેતુંસર સુવિધા ખાતર અહીંયા ફરીથી વાદીની દાવા અરજીનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

૪. ત્યાર બાદ સદર કામે પ્રતિવાદીનાં વકીલશ્રી હાજર હોય, તેમની દલીલો સાંભળવામાં આવી. તેઓએ તેમના આંક–૧૧ નાં જવાબમાં લખ્યા મુજબની રજૂઆતો કરેલ છે અને વિશેષમાં કોઈ રજૂઆત કરેલ નથી. સદરહુ હકીકતો રેકર્ડ ઉપર હોય, એકની એક હકીકતોનું પુન:રાવર્તન ન થાય, જેથી તેનો અહીંયા કોઈ ઉલ્લેખ કરેલ નથી.

૫. સદરહુ વાદી દ્વારા કરવામાં આવેલ કામચલાઉ મનાઈ હુકમની અરજીનાં ન્યાયિક નિર્ણયો માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**::– મુ દ્દા ઓ –::**

**(૧) શું વાદી સાબિત કરે છે કે, વાદીનો પ્રથમ દર્શનિય કેસ છે ?**

**(૨) શું વાદી સાબિત કરે છે કે, સગવડતા અને અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?**

**(૩) શું વાદી સાબિત કરે છે કે, જો મનાઈ હુકમ આપવામાં ના આવે, તો વાદીને નાણાંથી પણ ભરપાઈ ના થઈ શકે, તેવુ આર્થિક નુકશાન થવાની સભાવનાઓ રહેલી છે ?**

**(૪) શું હુકમ ?**

૬. ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**::– નિ ર્ણ યો –::**

(૧). હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

૭. ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે.

**::– કા ર ણો –::**

**મુદ્દા નં. ૧ થી ૪:–**

૮. સદરહુ દાવાનાં પ્લીડીંગ્સ અને રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ અને દલીલો ધ્યાને લેતાં, મુદ્દા નં. ૧ થી ૪ નાંઓ એકબીજા સાથે પરષ્પર રીતે સંકળાયેલા હોય, એકની એક

હકીકતોનું પુનઃરાવર્તન ના થાય, તે હેતુંથી સુવિધા ખાતર તમામ મુદ્દાઓનાં નિર્ણયો માટે રજૂ થયેલ પુરાવાઓની મુલવણી એક સાથે કરવાનું મુનાસીફ માનેલ છે.

વાદી હાલનો દાવો કરારનાં વિશિષ્ટ પાલન માટે લાવેલા છે. વાદીની દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણે આ કામનાં પ્રતિવાદી સાથે તા.૦૪–૦૨–૨૦૨૧ નાં રોજ દ્વારકા સબ–રજીસ્ટ્રાર રૂબરૂ દસ્તાવેજ નં.૨૮૯ થી એક સોદા કરાર કરેલ, જે મિલ્કત પ્રતિવાદીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની હોય, જે દુકાન દ્વારકા તાલુકાનાં દ્વારકા ગામે દ્વારકા નગર પાલિકાની હદ્દ વિસ્તારમાં આવેલી છે. સદરહુ મિલ્કત દુકાનનાં સીટી સર્વે નં. ૨૩૨૨ / બ પૈકી ભોંય તળીયું આવેલ છે, જે મિલ્કત વાદીએ રજીસ્ટર દસ્તાવેજથી વેચાણ રાખેલ છે, જે પૈકી મિલ્કતની કુલ કિંમત રૂા.૩,૫૦,૦૦૦/– છે, જે પૈકી રૂા.૩,૦૦,૦૦૦/– હાલનાં કામનાં વાદીએ પ્રતિવાદીને ચૂકવી દીધેલ છે. વાદી તરફે માર્ક– ૩ / ૧ થી વેચાણ કરાર કબજા વગરનો રજૂ રાખેલ છે, જે ધ્યાને લેતાં, સદરહુ બહાનાં ખતનાં કરાર અન્વયે વાદગ્રસ્ત મિલ્કતનો રજીસ્ટર બાના ખત કરાર તા.૦૧–૦૨–૨૦૨૧ નાં રોજ થયેલ છે. વાદી પોતે બાકીની રકમ

ચૂકવવા તૈયાર છે, જે અન્વયે તા.૨૫–૦૪–૨૦૨૨ નાં રોજ વાદીએ પ્રતિવાદીને માર્ક– ૩ / ૨ થી રજીસ્ટર નોટિસ મોકલી આપેલી હતી. માર્ક– ૩ / ૩ અને ૩ / ૪ થી પોષ્ટલ ડીપાર્ટમેન્ટની આર. પી. એ. ડી. ની સ્લીપો ધ્યાને લેતાં, સદરહુ નોટિસ પ્રતિવાદીને બજી ગયેલી છે, તેમ છતાં બાના ખતનાં કરારની શરતનાં પ્રમાણે પ્રતિવાદીએ વાદીને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી. આમ, વાદીએ દાવા અરજીમાં જણાવેલી હકીકતોમાં પ્રથમ દર્શનિય રીતે તથ્ય જણાઈ આવે છે. પ્રતિવાદીએ સદરહુ હકીકતનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, વાદીનાં ભત્રીજા નીતિન વિનોદભાઈ સામાણી જે પ્રતિવાદીનાં મિત્ર હોય અને પ્રતિવાદીને રૂા.૧,૦૦,૦૦૦/– ની જરૂરિયાત હોય, આથી વાદી પાસેથી રૂા.૩,૦૦,૦૦૦/– વ્યાજે લઈ, રૂા.૨,૦૦,૦૦૦/– વાદીનાં ભત્રીજાને જરૂરિયાત હોય, લગ્ન માટે આપેલા અને વાદીઓએ અમોને વિશ્વાસમાં લઈ, સીકયોરીટી રૂપે રજીસ્ટર સોદા ચીઠ્ઠી બનાવી અને અમારી પાસેથી લીધેલી રૂા.૨,૦૦,૦૦૦/– પૂરા વાદીનાં ભત્રીજાને ચૂકવેલા નહીં, પરંતુ સદરહુ હકીકત પુરાવો લીધા સિવાય હાલનાં તબકકે નકકી કરી

શકાય તેમ નથી તેમજ પ્રતિવાદીએ પોતાનાં જવાબનાં સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવા પણ રજૂ રાખેલ નથી. સદરહુ હકીકતો ઘ્યાને લેતાં, પ્રતિવાદીની હકીકત હાલનાં તબકકે માનવા પાત્ર જણાઈ આવતી નથી. તેમજ વાદીનો પ્રથમ દર્શનિય કેસ છે તથા સગવડતા અને અગવડતાનું પલ્લું પણ વાદીની તરફેણમાં છે. કારણ કે, વાદીએ રજીસ્ટર બાના ખત કરાર કરેલ છે, તે નહીં માનવાને કોઈ કારણ નથી તેમજ વાદીએ સદરહું અરજીમાં માંગેલ દાદ મંજૂર કરવામાં ના આવે, તો વાદીને નાણાંમાં ભરપાઈ ના થઈ શકે, તેવું નુકશાન જવાની શકયતા રહેલી છે. આમ, ઉપરોકત કરેલી ચર્ચાઓને આધિન મુદ્દા નં. ૧ થી ૩ નાં નિર્ણયો હકારમાં ઠરાવી મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::– હુ ક મ –::**

૧. વાદીની હાલની વચગાળાનાં મનાઈ હુકમની આંક–૫ ની અરજી આથી '' મંજૂર '' કરવામાં આવે છે.

૨. આ કામનાં પ્રતિવાદીએ સદરહુ દાવા અરજીને પરિશિષ્ટ–''અ'' વાળી સ્થાવર મિલ્કત દાવો ચાલતા સુધી અન્ય કોઈને કોઈ પણ રીતે ટ્રાન્સફર, એસાઈન, તબદીલ કે વેચાણ આપે નહીં કે કરે કરાવે નહીં, તેવો દાવો ચાલતા સુધીનો વચગાળાનો મનાઈ હુકમ વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરુધ્ધમાં ફરમાવવામાં આવે છે.

૩. સદરહુ અરજીનું ખર્ચ, પ્રતિવાદીએ ભોગવવું.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કરવામાં આવ્યો.

સ્થળ: દ્વારકા,
તા.૦૧/૦૨/૨૦૨૪

(#STENO.:H.N.T.)

( કેયુર કીરીટભાઈ પટેલ)
એડીશ્નલ સિનિયર સિવિલ જજ,
દ્વારકા.
(JUDGE CODE NO.GJ00950)